**ગાંધીનગર સમાચાર**

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૮.૪ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૬૦ ટકા





પતિના દીર્ઘાયુ માટે પરિણિતાઓમાં વટસાવિત્રિના વ્રતનું અનોખું મહત્વ છે. રવિવારે વટસાવિત્રિના વ્રત નિમિત્તે મંદિરોમાં ભારે ભીડ જોવા મળી હતી. પરિણિત મહિલાઓએ વડની પ્રદક્ષિણા કરી સુતરના તાંતણે બાંધી પૂજા કરી હતી અને પતિના દીર્ઘાયુની કામના કરી હતી.
કહેવાય છે કે વડના ઝાડમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ ત્રણેનો વાસ હોય છે. આ વ્રતમાં વડની પ્રદક્ષિણા કરી સુતરના તાંતણાથી તેની પૂજા કરવામાં આવે છે. પરિણિત મહિલાઓ એકબીજાને સિંદુર લગાવે છે અને પૂજારી પાસેથી સત્યવાન અને સાવિત્રીની કથા સાંભળે છે. નવપરિણિત મહિલાઓમાં આ વ્રત કરવાનો એક અલગ જ ઉત્સાહ હોય છે. કહેવાય છે કે વડના વૃક્ષની પૂજા કરવાથી ઘરમાં સુખ-શાંતિ તથા લક્ષ્મીજીનો વાસ થાય છે અને વડનું દૂધ અનેક બિમારીઓ સામે આપણું રક્ષણ પણ કરે છે. વડની સુતરના તાંતણેથી તેની પુજા કરવામાં પર્યાવરણની સુરક્ષાનો ભાવ પણ રહેલો છે. શહેરમાં સેકટર-૭, પંચદેવ મંદિર તથા અલગ અલગ જગ્યાએ આ વ્રતની પરિણિત મહિલાઓ દ્વારા ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

## સે-૩-ડી ખાતે સૌહાર્દ ગૃપ દ્વારા રકતદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૧૬

'રકતદાન એ મહાદાન' સૂત્રને ચરિતાર્થ કરવા ગાંધીનગરના સેકટર-૩-ડીમાં રામેશ્વર મંદિરના હોલમાં સૌહાર્દ ગૃપ દ્વારા સ્વૈચ્છિક રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રકતદાન કેમ્પમાં કુલ ૨૬ યુનિટસ રકત એકત્ર થવા પામ્યું હતું.

સૌહાર્દ ગૃપ દ્વારા આયોજિત રકતદાન કેમ્પમાં યુવાનો સહિત



મહિલા રકતદાતાઓએ પણ ઉમળકાભેર ભાગ લીધો હતો. રકતદાન શિબિરનો પ્રારંભ સવારે ૮ કલાકે કરાયો હતો અને સમાપન ૧૨ કલાકે કરાયું હતું. રકતદાન શિબિરમાં રકત એકત્ર કરવાની સેવા અમદાવાદ સિવિલ હોસ્પિટલ સંલગ્ન ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટયુટ દ્વારા આપવામાં આવી હતી. જેમાં ડૉ. શશાંકભાઈપંડયા, તુષારભાઈ લેઉઆ સહિત સમગ્ર ટીમે સારો સહયોગ આપ્યો હતો. રકતદાન શિબિરની સફળતા માટે સૌહાર્દ ગૃપના સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

## સે-૩ ન્યુના બગીચામાં વિશ્વ યોગ દિવસની ઉજવણી કરાશે

### છેલ્લા સાત વર્ષથી અહીં દરરોજ સવારે નિયમિત યોગ-પ્રાણાયામ શિખવાડાય છે

ગાંધીનગર, તા.૧૬

આગામી તા. ૨૧મી જુન શુક્રવારે શહેરમાં 'વિશ્વ યોગ દિવસ'ની ઉજવણી કરાશે. શહેરના સેકટર-૩ ન્યુ ખાતેના બગીચામાં નિયમિત રીતે ચાલતા યોગ-પ્રાણાયામના યોગ પરિવાર તથા સે-૩ ન્યુ વસાહત મંડળ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ યોગ દિવસની ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.



સેકટર-૩ ન્યુ વસાહત મંડળ તથા યોગ પરિવાર દ્વારા આયોજિત વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં બાબા રામદેવની નિશ્રામાં યોગની તાલીમા પમેલા આર.આઈ. પંડયા દ્વારા સવારે ૬ થી ૭ કલાક દરમિયાન યોગ-પ્રાણાયામ, આસનો, તથા વિવિધ રોગમાં ઉપકારક એવા ઘરેલું ઉપચાર સાથે સ્વસ્થ જીવન કઈ રીતે જીવવું તે અંગે માર્ગદર્શન આપશે. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા સાત વર્ષથી સે-૩ ન્યુના બગીચામાં નિયમિત સવારે ૬ થી ૭ દરમિયાન યોગની વિસ્તૃત તાલીમ આપવામાં આવે છે. વિશ્વ યોગ દિવસને અનુલક્ષીને તા. ૨૧મી જૂને ગાંધીનગર મહાનગરપાલિકાના સહયોગથી યોગ પ્રાણાયામ કાર્યક્રમ યોજાશે તેવું યોગ શિક્ષક આર.આઈ. પંડયા તથા સે-૩ ન્યુ વસાહત મંડળના પ્રમુખ જયેશભાઈ આગજા સહિત કમિટી સભ્યોએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

## ચેમ્પસ એકેડેમીમાં યોજાયો પેરેન્ટ્સ હેલ્થ ચેકઅપ કેમ્પ

ગાંધીનગર, તા.૧૬

પાટનગરના સેકટર-૧૬માં આવેલી ચેમ્પસ એકેડેમીમાં આજે હેલ્થ ચેકઅપનો કાર્યક્રમ યોજાયો હતો. ચેમ્પસમાં શૈક્ષણિક અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓ માટે ડાયાબિટીસ પરીક્ષણ, ફેટ એનાલિસિસ, બીએમઈ રિપોર્ટ વગેરે અંગે શારીરિક ચકાસણી કરવામાં આવી હતી. શૈક્ષણિક અભ્યાસ કરાવતા કોઈપણ ટ્યુશન એકેડેમીમાં વાલીઓ માટે તબીબી ચકાસણી માટેનો આ પ્રકારનો નવતર પ્રયોગ ચેમ્પસ દ્વારા આજે યોજવામાં આવ્યો હતો.

ચેમ્પસ એકેડેમીના ડાયરેકટર કેવલ ત્રિવેદીએ જણાવ્યું કે, આ શૈક્ષણિક એકેડેમી શૈક્ષણિક કાર્ય ઉપર અત્યંત પ્રભાવક શૈલીથી કામ કરે જ છે અને તેના ઉત્તમ પરિણામો પ્રાપ્ત થાય છે. આની સાથે સાથે અહીં વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓના શારીરિક સ્વાસ્થ્યની



પણ દરકાર લેવામાં આવે છે.

હેલ્થ ચેકઅપ માટે ડો. ગુંજન પટેલ અને તેમની તબીબી ટીમ ઉપરાંત ડાયાબિટીસ પરીક્ષણ માટે અશોક પટેલે કેમ્પમાં હાજર રહીને તેમની સેવા આપી હતી. ડો. ગુંજને કહ્યું કે, કોઈ પણ એકેડેમીમાં વાલી માટે હેલ્થ ચેક અપ કેમ્પમાં જવાનું થયું હોય એવો એમનો આ પ્રથમ અનુભવ છે. હેલ્થ ચેકઅપ કેમ્પમાં ૧૦૦થી વધુ વાલીઓનું શારીરિક સ્વાસ્થ્ય ચકાસીને તેમને રિપોર્ટ આપવામાં આવ્યા હતા. કોર્પોરેટર પ્રદીપસિંહ વાઘેલાએ આ પ્રસંગે હાજર રહી ચેમ્પસ એકેડેમીને શુભેચ્છાઓ પાઠવી હતી.

## સે-૫ વસાહત મંડળની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૧૬

સે-૫ વસાહત મંડળની બેઠક યોજાઈ હતી. જેમાં વૃક્ષો વાવવા અને તે અંગે થતા ફાયદા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ પણ આ કાર્યક્રમમાં ભાગીદાર રહ્યું હતું. મીટીંગમાં વૃક્ષોને મહત્વ આપવા આગામી દિવસોમાં ૧૧૦૦ જેટલા વૃક્ષો વાવી દરેક વસાહતીઓને એક એક વૃક્ષો ઉછેરવા માટે દત્તક આપવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું હતું.

મહાસંઘના પ્રમુખ કેસરીસિંહ બિહોલા દ્વારા સમગ્ર કાર્યક્રમના આયોજનની જાણકારી આપવામાં આવી હતી. વસાહતી અગ્રણીઓ અરવિંદભાઈ પટેલ, કાનજીભાઈ દેસાઈ, નટુભાઈ પટેલ, યોગેશભાઈ શુકલ, ઘનશ્યામસિંહ ગોલ, બાબુભાઈ પ્રજાપતિ દ્વારા પ્રાસંગિક પ્રવચન કરવામાં આવ્યું હતું.

આ બેઠકમાં વૃક્ષારોપણ કાર્યક્રમના આયોજનમાં સહકાર આપવા અને જરુરી જવાબદારી નિભાવવા વિગતવાર કમીટીઓ બનાવવામાં આવી હતી. જેમાં અગ્રણીઓ કેસરીસિંહ બિહોલા, નરેશ પરમાર, નટુભા જાડેજા, વાસુદેવભાઈ સુથાર, વિનોદભાઈ ભટ્ટ, નટુભાઈ પટેલ, ઘનશ્યામસિંહ ગોલ, કાનજીભાઈ દેસાઈ, સાગરદાન ગઢવી, પી.વી. જેઠવા, માલજીભાઈ દેસાઈ, મયુરભાઈ પટેલ, અરવિંદભાઈ પટેલ, સત્યમસિંહ મોરી, ગાયત્રી પ્રસાદ રાવલ, વિષ્ણુભાઈ પ્રજાપતિ, કાલીદાસ પરમાર, પ્રભુદાસ પરમાર, જગદીશભાઈ પટેલ, ભાવેશ નાયી, મહેશભાઈ પટેલનો સમાવેશ થાય છે.





સંગીતને જાળવવા અને નવી પેઢીઓ તેનો વારસો જાળવી રાખે એવા વિચારથી ગુજરાતી ફિલ્મી અને નોન ફિલ્મી કાર્યક્રમ 'ચાલતો રહેજે' લાઈવ ઓરકેસ્ટ્રા સાથે યોજાયો હતો. જેમાં શહેરના સંગીત પ્રેમીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમની મજા માણી હતી.

# આખો સમાજ નિરોગી બને તે યોગ-પ્રાણાયામ થકી શક્ય

### ગાંધીનગરના નિવૃત્ત ઉદ્યોગપતિ ૭૫ વર્ષની ઉંમરે શાળા-કોલેજોથી માંડીને સરકારી-અર્ધ સરકારી વિભાગોના, ખાનગી કંપનીના કર્મચારીઓ-અધિકારીઓને યોગ-પ્રાણાયામ સાથે અનેક પ્રકારની જીવનોપયોગી તાલીમ આપી રહ્યા છે

ગાંધીનગર, તા.૧૬

ફરી એકવાર ૨૧મી જૂન નજીક આવી રહી છે અને સમગ્ર ભારત ફરી એકવાર યોગમય બનશે. 'વિશ્વ યોગ દિવસ' એટલે પ્રાચીન ભારતીય સંસ્કૃતિના એક મહ્ત્વના આયામનો સમગ્ર વિશ્વ દ્વારા સ્વીકાર અને તેનું સન્માન. વિશ્વ કલ્યાણની પરંપરાગત ભારતીય ભાવના જેના થકી ચરિતાર્થ થઈ શકવા સક્ષમ છે તે યોગ-પ્રાણાયામ હવે 'ફેશન' અને 'પેશન' પણ બની રહ્યા છે અને જેને પણ આ 'પેશન' લાગુ પડી જાય છે તે પોતાની સાથે સાથે પોતાની આસપાસમાં પણ તેના થકી સ્વસ્થ અને આત્મવિશ્વાસથી ભરપૂર જીવનની સુવાસ પ્રસરાવતા રહે છે. ગાંધીનગરના ૭૫ વર્ષીય વડીલ જે.સી. પટેલ માત્ર પોતાના શોખથી યોગ-પ્રાણાયામ શીખ્યા હતા તેના થકી આજે તેઓ નિવૃત્તિ બાદથી આજ સુધી માત્ર યોગ શિક્ષક નહી પરંતુ માઈન્ડ પાવર ટ્રેઈનર અને મોટિવેશનલ સ્પીકર બની વિદ્યાર્થીઓથી માંડીને સરકારી-અર્ધસરકારી કચેરીઓ, અધિકારીઓ, પોલીસ, કેદીઓ, વરિષ્ઠ નાગરિકો, સફાઈ કર્મચારીઓ, ડ્રાઈવર્સ, પટાવાળા, બેંક કર્મચારીઓ જેવા સમાજના અનેક વર્ગને યોગ સાથે સાથે જીવનમાં તણાવ દૂર કરવો, આત્મવિશ્વાસ જગાવવો, વ્યસનમુકત કરવા, સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત કરવ સાથે 'કર્મયોગ'ની સમજણ આપી તેમની ફરજમાં અગ્રેસર બનાવી રહ્યા છે.

શ્રીમદ ભગવત ગીતાને પથદર્શક માનતા જે.સી. પટેલ ભગવાન શ્રીકૃષ્ણને વિશ્વના સૌથી મોટા મોટિવેશનલ ગુરૂ




માને છે અને યોગ તથા ગીતાના તાલમેલ સાધીને તેઓ પોતાના કાર્યક્રમો તૈયાર કરે છે. ઊંઝા પાસેના બ્રાહ્મણવાડા ગામના ખેડૂતપુત્ર જેઠાલાલ ઉર્ફે જે.સી. પટેલ પિતા છગનદાસ અને માથા નાથીબેનનું એક માત્ર સંતાન છે અને પોતાના ગામમાં જ ઓલ્ડ એસએસસી સુધીનો અભ્યાસ કરી તેમણે આર્થિક ઉન્નતિ માટે ૧૯૬૨-૬૩માં મુંબઈની વાટ પકડી હતી. બાળપણમાં જ લગ્ન થઈ ગયા હોવાથી પત્નિ સાથે મુંબઈમાં રહેતા જે.સી. પટેલને એક ખાનગી કંપનીમાં રૂ. ૫૦ના પગારથી પટાવાળાની નોકરી




મળી હતી અને તે સાથે તેમણે નાઈટ કોલેજમાં ડિપ્લોમા ઈન કોમર્સનો અભ્યાસ પણ ચાલુ કરી દીધો હતો. દિવસે નોકરી અને રાત્રે અભ્યાસ કરીને તેમણે ડિપ્લોમા પુરું કર્યું અને તે પછી તેજ કંપનીમાં આસી. કલાર્ક પછી એકાઉન્ટન્ટ સુધીની બઢતી પણ મેળવી હતી. આર્થિક રીતે પગભર થયા પછી મનમાં પોતાનો ઉદ્યોગ સ્થાપવાનું લક્ષ્ય હતું તેને પાર પાડવા નોકરી છોડી ભાયંદરમાં એક ફેકટરી ભાડે લઈ 'ઈલેકટ્રીકલ સ્ટેટર રોટર્સ'નો ઉદ્યોગ શરુ કર્યો હતો. સમયાંતરે પોતાના વ્યવસાયને વધુ વિકસાવવા અંદાજે ૧૯૮૮ પછી તેઓએ નરોડા અને છત્રાલમાં ફેકટરીઓ શરુ કરી અને આ બંને સ્થળનું યોગ્ય નિયમન થઈ શકે તે માટે ગાંધીનગર જે હરિયાળું શહેર હોવાથી પસંદ પણ હતું અને વચ્ચે પણ હતું ત્યાં સેકટર-૨માં પ્લોટ ખરીદી મકાન બનાવી રહેવા આવી ગયા. પોતે ૬૦ વર્ષની વયના થયા ત્યાં સુધી વ્યવસાય સંભાળ્યો અને ત્યાં સુધીમાં પરિવારમાં બે દિકરા પણ મોટા થઈ પોતાની કારકિર્દીમાં સારી રીતે સેટ થઈ ગયા હતા તેથી બંને ફેકટરીઓને ભાડે આપી વ્યવસાયમાંથી નિવૃત્તિ તો લીધી પરંતુ નવી ઈનીંગનો પણ પ્રારંભ કર્યો.

પહેલેથી સ્વાસ્થય પ્રત્યે જાગૃત અને વાંચનના શોખીન જે.સી. પટેલને પોતાના વ્યવસાય દરમિયાન જ દિવ્યજીવન સંઘનું એક પુસ્તક વાંચવામાં આવ્યું હતું. જેનાથી તેઓ ખૂબ પ્રભાવિત થયા હતા. આ પુસ્તકના સહારે તેઓ યોગ શખ્યા અને નિયમિત યોગાભ્યાસથી તેમાં પોતાની જાતે જ નવા નવા પ્રયોગો કરી વધુને વધુ ઊંડા ઉતરવા લાગ્યા હતા. સેકટર-૨થી નજીક ચ-૦ સર્કલે તેઓ નિયમિત એકલા યોગાભ્યાસ કરતા હતા જેમાં એક પછી એક જિજ્ઞાસુઓ જોડાતા ગયા અને એક સમૂહ બન્યો જેને તેઓ યોગ પ્રાણાયામ કરાવતા હતા. આજ રીતે સે-૧ના તળાવ પાસેના બગીચામાં પણ યોગાભ્યાસ ચાલુ કર્યા અને ત્યાં પણ એક જુથ ઉભું કર્યું હતું. આ જગ્યાએ ચાલતા યોગ પ્રાણાયામની ખાસિયત એ છે કે તે વર્ષોથી એટલા નિયમિત રીતે ચાલે છે કે માત્ર કોઈના અવસાન સિવાય કોઈ પણ ઋતુ હોય તે બંધ રહેતા નથી. પોતાના વ્યવસાયિક નિવૃત્તિ કાળ બાદ જે.સી. પટેલે માત્ર યોગ જ નહી પરંતુ યોગ-પ્રાણાયામ આધારીત વિવિધ પ્રોગ્રામ્સ શરુ કર્યા જેમાં હેલ્થ મેનેજમેન્ટ, સ્ટ્રેસ મેનેજમેન્ટ, કર્મ મેનેજમેન્ટ, ટાઈમ મેનેજમેન્ટ, રીલેશનશીપ મેનેજમેન્ટ, મોટિવેશન મેનેજમેન્ટ, વ્યસન મુકિત અભિયાન વગેરેનો સમાવેશ થાય છે. આ પછી તો તેમની ખ્યાતિ એટલી વધી ગઈ કે તેમને અનેક યુનિવર્સિટીઓ, કોલેજો, શાળા સંકુલો, સરકારી અર્ધ સરકારી વિભાગો, ખાનગી કંપનીઓ, પોલીસ તંત્ર, સાબરમતી જેલ તંત્ર, બેંકો, એલઆઈસી, સિનિયર સિટીઝન ગૃપ્સ, સહકારી સ્વૈચ્છિક સંસ્થા અને વગેરે વિવિધ કાર્યક્રમ રજૂ કરવા બોલાવવા લાગ્યા. ખાનગી કંપનીઓ સિવાય દરેક જગ્યાએ નિઃશુલ્ક કાર્યક્રમ આપતા જે.સી. પટેલના દૂરદર્શન અમદાવાદ પર સુપ્રભાત કાર્યક્રમમાં સુખ, સંતોષ, આનંદ, શાંતિ, તંદુરસ્તી, યોગ-પ્રાણાયામ જેવા વિષયો પર ૧૨ એપિસોડ પ્રસ્તુત થયા. તેમણે પોતાની રીતે લાફીંગ યોગા, હૂપકાર પ્રાણાયામ જેવા નવતર પ્રયોગો પણ વિકસાવ્યા છે.

પોતાના મિત્રો મહેન્દ્રભાઈ પટેલ, રાજુભાઈ પટેલ, ગણેશભાઈ પટેલ વગેરે સાથે મળીને ૧૨ વર્ષ પહેલા વી.કેર ફાઉન્ડેશન નામની સંસ્થા પણ શરુ કરી જે પક્ષીઓ માટે કુંડા-માળા વિતરણ સાથે ગરીબો માટે પગરખાં વિતરણ, શ્રમિકો માટે જુવારના લોટનું વિતરણ, અંતરિયાળ ગામોના બાળકોને નોટબુક-ચોપડા વિતરણ વગેરે પ્રવૃત્તિઓ કરે છે. અને હાલ મગોડી ખાતેના રાહેલબા વૃધ્ધાશ્રમને દત્તક લઈ તમામ સીધુ-સામાન પુરો પાડી રહ્યા છે. શિક્ષણ બોર્ડના કર્મચારીઓથી માંડીને ગુજરાતની મોટા ભાગની અદાલતોના જજોને યોગ-પ્રાણાયામની તાલીમ આપનાર જે.સી. પટેલ માને છે કે યોગ એ તો મન અને શરીરની પૂજા છે, આખો સમાજ નિરોગી રહે તે માત્ર યોગ થકી શકય છે.

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com